ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૪ ડીગ્રી
લઘુતમ : ૨૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૨૩ ટકા

# સોશ્યલ મિડીયા પર જામ્યું સ્વયંભૂ મતદાન જાગૃતિ અભિયાન...!!!

## નાગરિકોએ પોતાના સોશ્યલ મિડીયા પર વિવિધ લખાણો, ચિત્રો વિડિયો વગેરે દ્વારા મતદાનની અપીલ કરતી સ્ટોરીઝ-પોસ્ટ અપડેટ કરી : યુવાનોમાં મતદાન કરવા બાબતે ભારે ઉત્સાહનું વાતાવરણ

### કેવી કેવી સ્ટેટસ સ્ટોરી જોવા મળી?

- ચલ ઉઠ હવે મતદાર, દિવસ આ તારો આવ્યો.
- પહલે મતદાન, ફિર જલપાન.
- બટન દબાઓ, દેશ બનાઓ.
- મત આપો અને ગર્વથી કહો, મેં સાચવ્યો છે લોકશાહીનો સ્વાદ.
- સૌથી મોટું દાન એટલે મતદાન.
- બોર્ડર પર ભલે ના જઈ શકીએ બુથ પર તો જઈ શકીએ ને?
- ધ્વજ ભારતમાતા કા ઝુકે નહી, કર્ઝ મતદાન કા ચુકે નહીં.
- બહાર નિકલીયે, વોટ કીજીયે.
- યૉર વૉટ કે વીન યુ ધ બેટર ફયુચર.
- ૧૮ની ઉંમર કરી લીધી પાર, મળ્યો મતનો અધિકાર, ના કરીયે તેને બેકાર.
- મતદાનથી દેશનો વિકાસ, મારો મત મારી તાકાત.
- યોર કન્ટ્રીઝ ફયુચર ઈઝ ઓન યોર ફિંગરટીપ્સ.
- ઈન્ક યોર ફયુચર, ગો એન્ડ વૉટ.
- ઈફ યુ ડોન્ટ વૉટ, યુ લોસ ધ રાઈટ ટુ કમ્પ્લેઈન
- રોજ એક સ્ટોરી લાઈક કરો છો, કાલે બુથ પર જઈ એક લાઈક કરજો.

ગાંધીનગર, તા.૨૨
આવતીકાલે ગુજરાતની લોકસભાની તમામ ૨૬ બેઠકો પર મતદાન થવા જઈ રહ્યું છે અને છેલ્લા કેટલાક વર્ષોથી મતદાન પ્રત્યે મતદાતાઓની જાગૃતિમાં વધારો થઈ રહ્યો છે જેના કારણે મતદાનની ટકાવારી પણ વધેલી જોવા મળે છે. મતદાન જાગૃતિમાં સોશ્યલ મિડીયા ખૂબ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. જેમાં ચુંટણી પંચ ઉપરાંત રાજકીય પક્ષો, સ્વૈચ્છિક સંસ્થાઓ, મનોરંજન માધ્યમો જેવા કે રેડિયો, ફીલ્મ વગેરે તેમજ કોર્પોરેટ કંપનીઓ સહિત નાગરિકો પોતે પણ મતદાન જાગૃતિ ફેલાવવાને પોતાની જવાબદારી ગણી જાહેર જનતાને અચૂક મતદાન કરવા અપીલ કરી રહ્યા છે.






સિનેજગતથી માંડીનો રમતવીરો, રાજકીય અગ્રણીઓથી માંડી સામાન્ય નાગરિકો, વેપારીઓથી માંડીને કર્મચારીઓ અને સેલીબ્રીટીથી માંડીનો કોલજના યુવાનો પોતપોતાના સોશ્યલ મિડીયા એકાઉન્ટ પર વિવિધ રીતે મતદાન કરવા અપીલ કરી રહ્યા છે તો ઘણી આવકારદાયક બાબત છે.

સોશ્યલ મિડીયાના યુગમાં ખાસ કરીને યુવા મતદારોની સંખ્યા મોટા પ્રમાણમાં છે અને રાજયમાં અંદાજે ૧૦ લાખ યુવાનો પ્રથમવાર મતદાન કરવા જઈ રહ્યા છે ત્યારે સ્વાભાવિક રીતે જ સોશ્યલ મિડીયા પર તે અંગેના અપડેટસ જોવા મળે જ. આથી દરેક યુવા નેટીઝન્સે પોતાના ફેસબુક, વ્હોટસએપ, ઈન્સ્ટાગ્રામ, ટવીટર, હાઈક, શેરચેટ કે ટેલિગ્રામ સહિતના સોશ્યલ મિડીયા એકાઉન્ટ પર કયાં તો પોતાની છેલ્લે વોટ કર્યા પછીની મતદાન કર્યાની નિશાની દેખાડતી તસવીર અથવા મતદાન જાગૃતિ માટેનું કોઈ પણ સુત્ર કે પ્રતિકાત્મક વિડીયો કે ચિત્ર અથવા લાગણીસભર લખાણ શે'ર કરવાનું ચાલુ કરી દીધું છે.

આ અપડેટસમાં નેટીઝન્સ ચુંટણીઓને 'વોટોત્સવ' ગણાવી રહ્યા છે તો કોઈ 'મતદાન એ જ મહાદાન' ગણાવી રહ્યા છે તો વળી કોઈ તેને પોતાની જવાબદારી હોવાનું કહી રહ્યા છે તો કેટલાક 'રાષ્ટ્ર પ્રત્યેનું આપણું કર્ઝ' હોવાનું પણ કહી રહ્યા છે. એકંદરે સોશ્યલ મિડીયા પર એક સ્વયંભૂ મતદાન જાગૃતિ અભિયાનનો માહોલ સર્જાયો છે જે મતદાનની ટકાવારી વધારવામાં ખૂબ ઉપયોગી નિવડશે તેવું સ્પષ્ટ જણાય છે.








આવતીકાલે ત્રીજા તબક્કાનું મહત્વનું મતદાન યોજાનાર છે ત્યારે સેકટર-૧૫ની કોલેજમાંથી ત્રીજા ચરણના મતદાન માટેની સામગ્રી લઈને જતા કર્મચારીઓ દશ્યમાન થાય છે. જે તે જગ્યાએ નિમણુંક કરેલ કર્મચારીઓને લઈ જવા-આવવા માટે એસ.ટી. બસોની ફાળવણી કરવામાં આવી હતી.

## આર્ટ ઓફ લીવીંગ અંતર્ગત વિવિધ શિબિરોનું આયોજન

ગાંધીનગર, તા.૨૨
આર્ટ ઓફ લીવીંગ સંસ્થા ગાંધીનગર એકમ દ્વારા વેકેશનને અનુલક્ષીને યુવાઓ માટે અનેક શિબિરોનું આયોજન કુડાસણ સ્થિત પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે કરવામાં આવ્યું છે. જેનો મુખ્ય ઉદ્દેશ બાળકો/યુવાઓ ગુસ્સો, ડર, ઈર્ષા, શરમ, નિરાશા, અણગમો, જીદ્દીપણા જેવી નકારાત્મક લાગણીઓથી મુકત થઈ વિશ્વસ્તરે આગળ વધી શકે અને તણાવ રહિત રહે તે છે. સંસ્થા દ્વારા તા. ૨૪ એપ્રિલથી ૨૮ એપ્રિલ સાંજે ૫.૩૦ થી ૮.૩૦ સુધી ૧૩ થી ૧૭ વર્ષના યુવાઓ માટે મેઘ યોગા-૧ (યેસ કોર્સ) અને તા. ૧ મેથી ૫ મે સુધી સાંજે ૫.૩૦ થી ૮.૩૦ સુધી ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે ઉત્કર્ષ યોગા (આર્ટ એકસેલ કોર્સ)નું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા કોઈ પણ માહિતી માટે સુરેશભાઈ પરમાર ૯૪૨૬૩૦૦૩૦૩ તથા શિબિર સ્થળ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## સિવિલના આસી. એસ.આઈ.એ દર્દથી કણસી રહેલા દર્દીઓ ઉપર રોફ માર્યો

ગાંધીનગર, તા. ૨૨
ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લાઈન અંગે રોજ ઝઘડાના દ્રશ્યો સર્જાય છે. ઓપીડી, દવાબારી, સોનોગ્રાફી-એકસ-રે માં આ પ્રકારના બનાવ સામાન્ય છે. ત્યારે આજે સિવિલમાં સોનોગ્રાફી વિભાગમાં દર્દથી કણસી રહેલા દર્દીઓ સોનોગ્રાફી માટે લાઈનમાં બેઠા હતા. જયારે સોનોગ્રાફી માટે દિવસોનું વેઈટીંગ ચાલી રહ્યું હોય છે. ત્યારે લાઈનમાં જવા માટે દર્દીઓએ કહેતા આસી.એસઆઈએ પોતાના હોદ્દાનો રોફ માર્યો હતો અને મારા સગાની સોનોગ્રાફી પહેલા જ થશે તેવો આગ્રાહ રાખ્યો હતો. જેને પગલે રેડીયોલોજી વિભાગમાં થોડીવાર માટે ઉગ્ર વાતાવરણ સર્જાયું હતું. જયારે સોનોગ્રાફી માટે લાઈનમાં બેઠેલા દર્દીઓએ સિવિલના તબિબિ અધિક્ષકને લેખિત ફરીયાદ કરી કર્મચારી સામે યોગ્ય કાર્યવાહી કરવા રજુઆત કરી હતી.

પાપ્ત માહિતી મુજબ આજે સિવિલ હોસ્પિટલના તાત્કાલીક વિભાગની પાસે આવેલા રેડીયોલોજી વિભાગમાં સોનોગ્રાફી માટે દર્દીઓ લાઈનમાં બેઠા હતા. તે સમયે સિવિલમાં જ આસી.એસઆઈ તરીકે ફરજ બજાવતા કર્મચારી પોતાના સગાને લઈને સોનોગ્રાફી માટે ગયા હતા. પરંતુ લાઈન બ્રેક કરતા લાઈનમાં રહેલા દર્દીઓએ વિરોધ નોંધાવ્યો હતો. પરંતુ દર્દીઓ પર એસઆઈએ રોફ મારી મારા સગાની સોનોગ્રાફી પહેલા થશે અને નહીં થાય તો સિવિલ બંધ કરાવી દઈશ તેવું કહેતા દર્દીઓ પણ હલબલી ગયા હતા. દિવસો બાદ સોનોગ્રાફી માટે નંબર આવ્યા બાદ આ પ્રકારના વેણ સાંભળવા મળતા સૌ કોઈ અચંબિત પામ્યા હતા. ત્યારે સિવિલના કર્મચારીએ રેડીયોલોજી વિભાગમાં જ હોબાળો મચાવતા મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે લાઈનમાં બેઠેલા દર્દીઓ અને સગાઓએ કર્મચારી સામે સિવિલના સત્તાધિશને લેખિતમાં ફરીયાદ કરી હતી અને યોગ્ય કરવા રજુઆત કરી હતી.

## સમસ્ત બ્રહ્મસમાજ યુવા પાંખના પ્રમુખ તરીકે કુ. જયશ્રી ખેતિયાની વરણી

ગાંધીનગર, તા.૨૨
સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પાંખ અને મહિલા પાંખ સેકટર શાખા અને પરશુરામ મિત્ર મંડળની મીટીંગમાં સર્વ સંમતિથી સમાજના સતત કાર્યરત ખૂબ જ મહેનતુ અને પ્રસિધ્ધ એન્કર કુ. જયશ્રી ખેતિયાની સમસ્ત બ્રહ્મસમાજ યુવા પાંખ ગાંધીનગરના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે.





સ્ટેટ બેંક જ્ઞાનર્જન અને વિકાસ સંસ્થા ગાંધીનગર દ્વારા જાહેર જનતાના ઉપયોગ અર્થે 'એસ.બી.આઈ. જલ સેવા' ઠંડા પાણીની પરબ બેંકના અમદાવાદના ચીફ જનરલ મેનેજર દુઃખબંધુ રથના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. આ ઉમદા કાર્યમાં બેંકના ડેપ્યુટી જનરલ મેનેજર અને મંડળ વિકાસ અધિકારી સરોજ પટ્ટનાઈક ઉપસ્થિત રહ્યા હતા.

આ જલસેવાનો સરકારી કર્મચારીઓ, મુલાકાતીઓ બહોળા પ્રમાણમાં ભાગ લઈ શકશે. આ કાર્યમાં ડાયરેકટર અને સહાયક મહાપ્રબંધક વિનોદ અમલાની, હિતેશ દવે, મનોજ કુમાર, રીમા તિવારી, વિનયકુમાર, સંજય વર્મા, સતિષ ઠકકર તેમજ સ્ટાફે સહયોગ આપ્યો હતો.

## શહેરના બાળકોને કરાટે બ્લેક બેલ્ટ




ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડૉ એસોસીએશન ગુજરાત શાખા દ્વારા ગાંધીનગરના ધ્વનીલ ગ્રીન અને મંથન પી. મોઢને ગાંધીનગર એસોસીએશનના મુખ્યાલય ખાતે ચેરમેન અને ટેકનીકલ ડાયરેકટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણાના હસ્તે કરાટેની બ્લેક બેલ્ટ શૉ-દાનની પદવી એનાયત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે બંને બાળકોએ ૬ વર્ષ કરતા વધુ સમયથી રેન્શી ગૌરાંગભાઈ રાણા પાસે કરાટેનું પ્રશિક્ષણ લીધું છે.

## વિશ્વકર્મા સેવા સમાજ રાહતદરે નોટબુક-ચોપડા વિતરણ કરશે

ગાંધીનગર, તા.૨૨
વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા સમાજના સભ્યોના કેજીથી ધો-૧૨ અને ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે અભ્યાસ કરી રહેલ બાળકોને રાહતદરે નોટબુકો અને ચોપડાનું વિતરણ તા. ૧મેથી તા. ૧૫ જુન સુધી સે-૧૨ સ્થિત સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે. સંસ્થાના પ્રમુખ બાબુલાલ જે. સુથાર દ્વારા દરેક સભ્યોને પોતાના બાળકો માટે વહેલા તે પહેલાના ધોરણે માર્કશીટની નકલ રજૂ કરી નોટબુકો તથા ચોપડા મેળવી લેવા જણાવાયું છે.



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેકટર-૨૮ ગાંધીનગર ખાતેના 'પીસ પાર્ક' ના હોલમાં આયોજિત સન્માન સમારોહમાં ગાંધીનગરના નવા મેયર રીટાબેન પટેલને મેયરના હોદ્દા ગ્રહણ અનુસંધાને આત્મસ્મૃતિનું તિલક કરી, પુષ્પ તાજ અને માળાથી સન્માન કરતા રાજયોગીની કૈલાશ દીદીજી.

## બાળકોના ઉત્સાહ સાથે આત્મન અભિવ્યક્તિ બાળશિબિર સંપન્ન

ગાંધીનગર, તા.૨૨
આત્મન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા દર વર્ષે વેકેશનમાં આત્મન અભિવ્યકિત બાળશિબિરનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે સતત ૨૩ મી ત્રણ દિવસની આ શિબિર જવાહરલાલ નહેરુ વન ઔષધિ ઉદ્યાનમાં તા. ૧૯, ૨૦, ૨૧ એપ્રિલ, ૨૦૧૯નાં રોજ યોજાઈ હતી. આ શિબિરમાં ગાંધીનગરની અને બીજી શાળાઓના મળીને ૧૦૦ ઉપરાંત બાળકોએ ભાગ લીધો હતો. બાળકોએ ખુલ્લા કુદરતી વાતાવરણમાં જ્ઞાન સાથે ગમ્મતની વિવિધ પ્રવૃત્તિઓ માણી હતી. એકબીજા સાથે હળતા-ભળતા શીખ્યા હતાં. પોતાની સુષુપ્ત શક્તિઓને રજૂ કરી હતી. સાથે નાસ્તો- ભોજનનો આનંદ માણ્યો હતો.

અનૌપચારિક શિક્ષણ, સમજ, કેળવણી, નેતૃત્વ બાળકો પામે એ આ શિબિરનો એક હેતુ હતો. કોઈ જ વકતવ્ય નહીં,





પ્રવૃત્તિ દ્વારા જ કાર્ય કરાવવું. રોજ સવારે બાળકો બ્રિધીન્ગ એકસરસાઈઝથી દિવસની શરૂઆત કરતાં, તે સાંજ સુધી વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ રહેતી. બાળકોએ નૃત્ય, ડ્રોઈંગ-ક્રાફ્ટ, પક્ષીઓ વિશેની જાણકારી, દાંતની સંભાળ, નાટક - અભિનય, કેલિગ્રાફી, વિજ્ઞાનના પ્રયોગો, રમતો, વેસ્ટમાંથી બેસ્ટ, વાર્તા અને બોધ, ઉદ્યાનની મુલાકાત - ટ્રેકિંગ વગેરે પ્રવૃત્તિઓમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. છેલ્લાં દિવસે સંસ્થા તરફથી ભાગ લેનાર બાળકોને પ્રમાણપત્ર, ભેટ, ચકલી ઘર આપવામાં આવ્યાં હતાં. આનંદભાઈ શેઠ દ્વારા બાળકોને બે દિવસ આઈસ્ક્રીમ, ઠંડા પીણાની મોજ કરાવવામાં આવી હતી. ડૉ. તરલિકાબહેન દ્વારા ગિફ્ટની ભેટ મળી હતી. બાળકોએ પોતાના પ્રતિભાવથી આનંદ વ્યકત કર્યો હતો.

શિબિરમાં ક્રિનલ જાની, વિક્રમભાઈ જાની, પ્રજ્ઞાબેન ગજ્જર, કુન્તલ નિમાવત, પૂર્વીબેન મણિયાર, ડૉ. આરતી દવે, ઉર્મિત જાની, ચંદ્રેશભાઈ સોની, અનિલભાઈ પટેલ, ખ્યાતિબેન દેસાઈ, એચ. બી. વરિયા વગેરેએ તજજ્ઞ તરીકે બાળકોને સુંદર માર્ગદર્શન આપ્યું હતું. શિબિરને સફળ બનાવવામાં જયશ્રીબેન ખેતિયા, સુધા શુકલ, પ્રજ્ઞા પટેલ, સંજયભાઈ થોરાત, ક્રિનલ જાની, જીગરભાઈ પટેલ, કુંતલ નિમાવત, તુષારભાઈ દવે, નફિસાબેન વગેરેએ ખૂબ સહયોગ આપ્યો હતો.

## બ્રહ્મભટ્ટ સમાજ વિનામૂલ્યે ચોપડા વિતરણ કરશે

ગાંધીનગર, તા.૨૨
દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળ દ્વારા દંઢાવ વિસ્તારના બ્રહ્મભટ્ટ પરિવારના બાળકોને વિનામૂલ્યે ચોપડા વિતરણ તા. ૨૫ એપ્રિલથી ૧૦ મે દરમિયાન કરવામાં આવશે. સંસ્થા દ્વારા વધુ માહિતી માટે શિરીષભાઈ એમ. રાણા ૯૮૨૪૪ ૩૧૪૪૨નો સંપર્ક કરવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. બિહોલા સંજયસિંહ નટુજી, ઉ.વ. ૩૨
- સ્વ. પટેલ મણીબેન મંગળદાસ, ઉ.વ. ૬૫
- સ્વ. કમળાબેન ત્રિકમભાઈ પટેલ, ઉ.વ. ૭૯